જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૬/૦૭/૨૦૧૯ શનિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૧૨૮/૧૯

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૨ કેસ કરી, ૩૪ વ્યક્તિઓને ઝડપી, ૩૧૦ લીટર દેશી દારૂ, ૧૨૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨ કાર અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૨ કેસ કરી, ૮ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૩૬૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૧૨૯/૧૯

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૪૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૧૧૩૦/૧૯

**માધવપુરાઃ** જીતેન્દ્ર લોકુમલ રેવાણી (રહે.સરગમ પાર્ક, નોબલ સ્કુલની પાસે, પાર્શ્વનાથ કૃષ્ણનગર નરોડા) એ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૪/૦૭/૧૯ કલાક ૮/૦૦ થી ૮/૩૦ વાગ્યા દરમ્યાન ઇદગાહ સીટી સેન્ટર એફ/૨૮ ખાતે આવેલ પોતાની “ગુરુદેવ સેલ્સ એજન્સી” નામની દુકાનનું તાળુ તોડી, ત્રણ પુરૂષો દુકાનમાં પ્રવેશ કરી, દુકાનમાંથી સિગરેટના કાર્ટુનોમાંથી ગોલ્ડ ફ્લેક સિગારેટના કાર્ટુન નંગ-૬ જેમા એક કાર્ટુનમાં ૧૨,૦૦૦ સિગરેટ પ્રમાણે ૭૨,૦૦૦ સિગરેટ કિંમત રૂપિયા ૬,૦૮,૪૦૦/- તથા ગોલ્ડ સ્ટેજ સિગારેટના કાર્ટુન નંગ-૬ કિમત રૂપિયા ૨,૧૬,૦૦૦/- તથા મારબ્લો એડવાન્સ સિગારેટ કાર્ટુન નંગ-૪ કિંમત રૂપિયા ૫,૨૬,૫૦૦/- તથા બ્રિસ્ટોલ સિગારેટ કાર્ટુન નંગ-૪ કિંમત રૂપિયા ૨,૭૬,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧૬,૨૬,૯૦૦/- મતાની ચોરી કરી લઇ ગયા છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.એન.રબારી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.